# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યને A.I અને સેમિ-કન્ડક્ટર જેવા ઉભરતા ક્ષેત્રમાં આગળ લાવવામાં નારીશક્તિનું યોગદાન મહત્વનું હશે.**
2. **અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં બે હજાર 500 કરોડ રૂપિયાના કામને મંજૂરી.**
3. **ગાંધીનગર CID ક્રાઈમે યુવાનોને ખોટી રીતે વિદેશ લઈ જવાના આંતરરાષ્ટ્રીય કૌભાંડ મામલે બે લોકોની ધરપકડ કરી**
4. **રાજ્યમાં આગામી 48 કલાકમાં ગરમીમાં ઘટાડાની આગાહી.**
5. **ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ઇંગ્લેન્ડને હરાવી ભારત ફાઈનલમાં પહોંચ્યું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM ON WOMEN EMPOWERMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકાર મહિલા સ્ટાર્ટ-અપને વધુને વધુ પ્રોત્સાહન અને સહકાર આપવા પ્રતિબદ્ધ હોવાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું, રાજ્યના કુલ સ્ટાર્ટ-અપ્સમાંથી 50 ટકા મહિલાઓ દ્વારા સંચાલિત છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં હર-સ્ટાર્ટ-ના પાંચ-મા સંસ્કરણના શુભારંભ પ્રસંગે શ્રી પટેલે આ વાત કહી. તેમણે ગુજરાત કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I,** ક્વૉન્ટમ કમ્પ્યૂટિંગ, રૉબોટિક્સ, હરિયાળા વિકાસ અને સેમિ-કન્ડક્ટર જેવા ઉભરતા ક્ષેત્રમાં આગળ આવે તેમાં રાજ્યની નારીશક્તિનું યોગદાન મહત્વનું રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

# AMC STANDING COMMITTEE

અમદાવાદમાં વર્ષ 2030માં યોજાનારી રાષ્ટ્રમંડળ રમત માટે માળખાકીય સુવિધાને વેગ આપવા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં બે હજાર 500 કરોડ રૂપિયાના વિકાસકાર્યોને મંજૂરી અપાઈ છે.નરોડાથી નારોલ પ્રતિકાત્મક માર્ગ, નવા સુભાષબ્રિજ અને હયાત બ્રિજને મજબૂત કરવા, સાઉથ બોપલમાં લૉટસ ગાર્ડન બનાવવાના કામ સહિત શહેરીજનોની ફરિયાદો અંગે **A.I.** આધારિત **CCRS**ને પણ મંજૂરી અપાઈ છે, તેમ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાન્ગ દાણીએ જણાવ્યું.

**(BYTE: DEVANG DANI, CHAIRMAN, STANDING COMMITTEE, AMDAVAD MUNICIPAL CORPORATION)**

# RAJYAPAL PRAKRUTIK KHETI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સંતો અને હરિભક્તોને પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં જોડાવવા આહ્વાન કર્યું છે. અમદાવાદમાં જેતલપુરના સ્વામિનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવને સંબોધતા રાજ્યપાલશ્રીએ કહ્યું, માનવજીવનનું કલ્યાણ અને રાષ્ટ્રની આત્મનિર્ભરતા પ્રાકૃતિક ખેતીમાં જ સમાયેલી છે.

પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનમાં ઘટાડો ન થતો હોવાનું પણ રાજ્યપાલશ્રીએ પોતાના સંબોધનમાં ઉંમેર્યું.

**(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)**

# GANDHINAGAR CYBER SLAVERY

ગાંધીનગર સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્ર – **CID** ક્રાઈમે વિદેશમાં સાયબર ગુલામ બનાવવાના આંતર-રાષ્ટ્રીય કૌભાંડ મામલે સુરતના બે લોકોની ધરપકડ કરી છે. તેઓ અન્ય બે આરોપી સાથે મળીને ભારતીય યુવાનોને મ્યાંમાર, લાઓસ અને કમ્બોડિયામાં સારા પગારની નોકરીની લાલચ આપી ફસાવતા હતા. આ અંગે સાયબર સેન્ટર ઑફ એક્સલેન્સના **SP** વિવેક ભેડાએ વધુ માહિતી આપી.

**BYTE: VIVEK BHEDA, SP, CYBER CENTRE OF EXCELLENCE**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## PAY COMMISSION

આઠ-મા પગાર પંચે સેવારત્ કર્મચારીઓ અને પેન્શનધારક સંઘ, સંગઠન, સંસ્થાઓ તથા ઈચ્છુક લોકો સહિત વિવિધ હિસ્સેદારો પાસેથી રજૂઆત અને સૂચન મગાવ્યા છે. પંચે પોતાના મંતવ્ય મોકલવા માટે સત્તાવાર વૅબસાઈટ પર ઑનલાઈન મંતવ્ય મોકલવાની વ્યવસ્થા કરી છે. પગાર પંચે જણાવ્યું, સૂચનો માત્ર ઑનલાઈન પૉર્ટલથી સ્વીકારવામાં આવશે. સાથે જ પંચે તમામ હિસ્સેદારોને તેમના પ્રતિભાવ આગામી 30 ઍપ્રિલ સુધી મોકલવા જણાવ્યું છે.

## STATE WEATHER FORECAST

રાજ્યમાં ગરમીનો પારો 39 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો છે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, રાજ્યના મોટા ભાગના

વિસ્તારમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ત્રણથી પાંચ ડિગ્રી સૅલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે. જોકે, આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં ઘટાડાની સંભાવનાને કારણે ગરમીમાંથી રાહત મળી શકે છે.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)**

## ICC T20 WORLD CUP

**ICC** ટી-20 ક્રિકેટ વિશ્વકપની સેમિફાઈનલમાં ઇંગ્લૅન્ડને હરાવી ભારત ફાઈનલમાં પહોંચ્યું છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ગઈકાલે રમાયેલી મૅચમાં ભારતે ઇંગ્લૅન્ડને સાત રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા ભારતે નિર્ધારીત 20 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 253 રન બનાવ્યા. શિવમ દુબેએ 43 રન બનાવ્યા. જ્યારે સંજુ સેમસને 42 બૉલમાં 89 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.

તો, ઇંગ્લૅન્ડની ટીમ સાત વિકેટ ગુમાવી 246 રન જ બનાવી શકી. હવે આ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝિલૅન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાશે.

## HOLI DHULETI ST BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – **GSRTC** દ્વારા હોળી અને ધુળેટી પર્વ નિમિત્તે સાત હજાર 400થી વધુ બસના ફેરા દ્વારા ત્રણ લાખ 14 હજાર મુસાફરોને સેવા અપાઈ. એસ. ટી. નિગમ દ્વારા 27 ફેબ્રુઆરીથી ચાર માર્ચ સુધી આ વધારાના

બસના ફેરાનું સંચાલન કરાયું હતું. તેમાં સૌથી વધુ ત્રણ હજાર 600 ફેરા ડાકોર રણછોડરાયજીના દર્શનાર્થે જતા ભક્તો માટે કરાયા હતા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ આયોજન બદલ એસ.ટી. નિગમના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું, નાગરિકોને તહેવાર દરમિયાન કોઈ પણ અગવડ વિના સલામત અને સમયસર પરિવહન સેવા પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

## RAILWAY SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ વચ્ચે બે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. તે મુજબ, મુંબઈ સેન્ટ્રલ- અમદાવાદ સ્પેશિયલ ટ્રેન આવતીકાલે મુંબઈ સેન્ટ્રલથી રાત્રે પોણા 12 વાગ્યે ઉપડશે. જ્યારે અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેન નવ માર્ચે અમદાવાદથી સવારે ત્રણ વાગ્યે ઉપડશે.

તો, મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશિયલ આઠ માર્ચે મુંબઈ સેન્ટ્રલથી સવારે 6.30 કલાકે ઉપડશે. જ્યારે અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ રવિવારે બપોરે 3.10 વાગ્યે અમદાવાદથી ઉપડશે. મુસાફરોની સુવિધા અને માગને ધ્યાને રાખી વિશેષ ભાડા પર આ ટ્રેન દોડાવાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# POLICE BOARD RESULT

ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા બિન-હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરનું આખરી પરિણામ જાહેર કરાયું છે. અગાઉ દસ્તાવેજ ચકાસણી બાદ 23 ફેબ્રુઆરીએ હંગામી પરિણામ જાહેર કર્યું હતું.

ત્યારબાદ વાંધા અને રજૂઆતને ધ્યાને લઈ કુલ 472 ઉમેદવારની આખરી પસંદગી યાદી અને 95 ઉમેદવારની પ્રતિક્ષા યાદી ભરતી બૉર્ડની વૅબસાઈટ પર જાહેર કરવામાં આવી છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# SNR SAMIKSHA BETHAK

સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા નગરપાલિકાના સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ. તેમાં પ્રભારી મંત્રી દર્શના વાઘેલાએ શહેરના વિકાસ માટે કાર્યરત્ વિવિધ પરિયોજના અને સુવિધાના કામની માહિતી મેળવી. મંત્રીશ્રીએ સરકાર દ્વારા વિકાસ માટે ફાળવાયેલા અનુદાનનો મહત્તમ અને પારદર્શક રીતે ઉપયોગ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

સાથે જ તેમણે વિકાસકાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન કરવા તેમજ તમામ પરિયોજના સમયમર્યાદામાં પૂર્ણ કરવાની જવાબદારી વહીવટી તંત્રની રહેશે તેના પર ભાર આપ્યો.

---